જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૯૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૮૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૭૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૪,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૪૧૦/૨૦૨૩

**નરોડાઃ** ચીનુભાઇ અંબાલાલ પટેલ (ઉ.વ.૭૧)(રહે,વૃન્દાવન બંગ્લોઝ, ગુલાબ ટાવર રોડ, થલતેજ) એ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા “પાર્વતી જાદવ હોસ્પિટલ” ના ટ્રસ્ટી આરોપી (૧) ભરતભાઇ તલકસિંગ ગોહિલ (ટ્રસ્ટી) (૨) ધ્રુવ ભરતભાઇ ગોહિલ (ટ્રસ્ટી) (૩) નંદીપ ભરતભાઇ ગોહિલ (ત્રણેય રહે, પ્રતિકકુંજ સોસાયટી, ઉમા સ્કુલ પાસે, નરોડા) (૪)પ્રફુલભાઇ તલકસિંહ ગોહિલ (રહે.ઉત્તપલ સોસાયટી, વહેલાલ સોસાયટીની બાજુમાં, પલ્લવ-પાયલ રોડ જે.કે.પાન પાર્લરની બાજુમાં નરોડા) અને (૫)પ્રવિણભાઇ રામાભાઇ પટેલ (રહે.નિલકંઠ રેસીડેન્સી જનસેવા કેન્દ્ર પાછળ નરોડા) એ ભેગામળી પાર્વતી જાદવ હોસ્પિટલમાંથી દરેક વિભાગ માંથી આવતા નાણાં હોસ્પિટલના રજીસ્ટરમાં નોંધ કરી રોજે-રોજ બેન્ક ઓફ ઇન્ડીયામાં જમા કરવાના હોય છે જે જમા નહી કરાવી કુલ રૂપિયા ૧,૮૭,૧૪,૨૮૬/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જે.ભાટીયા ચલાવે છે.

**ક્રાઇમબ્રાંચઃ** ગોપાલભાઇ દેવેન્દ્રકુમાર માહેશ્વરી (ઉ.વ.૪૬)(રહે.શાંન્તમ ટાવર, સિવિલ હોસ્પિટલની પાછળ, શાહીબાગ) એ તા.૦૬/03/૨૦૨૩ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કિશન શેટ્ટી પ્રોપરાઇટર લા-એપરલ્સ (રહે.રજત ઇન્ડસ્ટ્રીયલ, યુનિક કોમ્પલેક્ષ, ધુમલનગર, વસઇ (પુર્વ), પાલઘર, મુંબઇ, મહારાષ્ટ્ર) એ ચીરીપાલ ગૃપ કંપનીમાં અગાઉ નોકરી કરતાં આરોપી નંબર (૨) શરદ આનંદ મેન્ડન (રહે.ડેફોડીલ બિલ્ડીંગ રેજન્સી અનંતમ કલ્યાણ સીલ રોડ ડોમ્બીવલી મુંબઇ) નાઓ સાથે મળી કાવત્રુ કરી, ગોપાલભાઇની બોપલ આંબલી હીરા રૂપા હોલની બાજુમાં શાંતી કોર્પોરેટ હાઉસ ખાતે આવેલ “ભાવના ટેક્ષટાઇલ પ્રા.લી.” ની ઓફીસ ખાતે થી ડેનીમ જીન્સનાં કાપડનો માલ ખરીદ કરી, શરૂઆતમાં માલનું રેગ્યુલર પેમેન્ટ કરી વિશ્વાસમાં લઇ ડેનીમ જીન્સનાં કાપડનો માલ ગોપાલભાઇની કંપની પાસેથી “શરદ આનંદ મેન્ડન” નાઓ મારફ્તે ખરીદ કરી, માલ પેટેના બાકી નિકળતા કુલ રૂપિયા ૭૭,૪૮,૨૪૮/- આજદીન સુધી નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સીસોદીયા ચલાવે છે.

## <u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૧૧/૨૦૨૩</u>

**માધવપુરાઃ** કપિલાબહેન વા/ઓ દશરથભાઇ વ્યાસ (ઉ.વ.૫૦)(રહે.સુમન શાંતિ ફલેટ મોરા ભાગળ સુરત શહેર)એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/03/૨૦૨3 બપોરના 3/00 થી 3/30 વાગ્યા દરમ્યાન કપિલાબહેન કાલુપુર રેલ્વે સ્ટેશન થી રાણીપ જવા માટે શટર રિક્ષામાં બેસેલ હતા. જે રિક્ષામાં અગાઉથી બેસેલ બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) અને રિક્ષા ડ્રાઇવર (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) એ ભેગામળી કપિલાબહેનની નજર ચુકવી તેમની બેગમાંથી નાનુ લેડીઝ પર્સ ચોરી કરી લઇ કપિલાબહેનને દીલ્લી દરવાજા બહાર આવેલ ફરકી લસ્સીની દુકાન સામે હનુમાન મંદીર પાસે ઉતારી નાસી ગયા હતા. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા 3,33,000/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એમ.રાઠોડ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૧૨/૨૦૨૩</u>

**વાસણાઃ** તામીલભાઇ જમાલભાઇ શેખ (ઉ.વ.૪૨)(રહે.પઠાણની ચાલી, ગુપ્તાનગર, વાસણા) એ અગમ્ય કારણસર તા.૨/3/૨૦૨૩ ના કલાક ૯/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૬/3/૨૦૨૩ બપોરના ૨/30 વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**રામોલઃ** પુજાબહેન વા/ઓ મેહુલભાઈ મહેરીયા (ઉ.વ.૨૯)(રહે.ગજાનંદ-૧૮૯ રિલાયન્સ પેટ્રોલ પંપની ગલીમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૫/03/૨૦૨૩ રાતના ૯/૩0 થી રાતના ૧૨/00 વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિહ પર્વતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી